ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત

# સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ખ-૭ સર્કલ પાસે,
સેક્ટર-૨૮, ગાંધીનગર - ૩૮૨૦૨૮.
મોબાઈલ નં. : ૭૪૩૬૦ ૬૯૯૯૬
Email : samarpancollege@yahoo.com | Website : www.samarpancollege.org

જાવક નં.: ૨૧/એ-૨૦૧૯-૨૦૨૦ તારીખ: ૧૭-૦૬-૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ,
સેક્ટર : ૦૭, ગાંધીનગર

વિષય :- સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર અને શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, ગાંધીનગર વચ્ચે જોડાણ કરવા બાબત.

આદરણીય સાહેબશ્રી, સાદર વંદન.
જયભારત સાથ જણાવવાનું કે ગાંધીનગરમાં કાર્યરત સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આપની સંસ્થા સાથે શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક આદાન પ્રદાન સંદર્ભે જોડવા ઈચ્છે છે. આ જોડાણ આગામી પાંચ વર્ષ માટે હશે. આ જોડાણ માટેની દરખાસ્ત અમે આપને કરીએ છીએ અને તેનું પ્રારૂપ મોકલી આપીએ છીએ. આપ સાહેબ આ બાબતે અમને હકારાત્મક પ્રતિસાદ આપશો એવી અપેક્ષા અસ્થાને નથી.

આભાર સહ,

પ્રિન્સીપાલ
ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
સેક્ટર-૨૮, ગાંધીનગર

**સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર અને શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, ગાંધીનગર**

સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર અને શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, ગાંધીનગર વચ્ચે જોડાણનો પ્રકલ્પ.

૧. શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિક ક્ષેત્રે કાર્ય કરતી બે સંસ્થાઓ વચ્ચે આગામી પાંચ વર્ષ માટે કરવામાં આવશે. પાંચ વર્ષે જોડાણની સમીક્ષા કરવામાં આવશે અને જો બંને સંસ્થાના વડાને પાંચ વર્ષની કામગીરી યોગ્ય લાગશે તો પછીના પાંચ વર્ષ માટે પુનઃ આ જોડાણ કરાશે.

૨. આ જોડાણ અંતર્ગત Student and Faculty exchange Programme નું આયોજન કરવામાં આવશે.

3. આ જોડાણની ભાત રચવા માટે બંને સંસ્થાઓ ની સંયુક્ત સમિતિની રચના કરવામાં આવશે. જેના પ્રતિનિધિઓ જે તે સંસ્થાના વડા દ્વારા નક્કી કરવામાં આવશે.

૪. આ જોડાણ બંને સંસ્થાઓની કાયદાકીય કે આર્થિક બાબત પર ભાર નહીં જ મૂકે. બંને સંસ્થાઓની સ્વાયત્તતા અખંડ રહેશે. આ જોડાણ બન્ને સંસ્થાઓના સાચા શૈક્ષણિક, સાહિત્યિક સંદર્ભો અને હિત જાળવનારું બની રહેશે.

૫. આ જોડાણપત્રનો અમલ બંને સંસ્થાના વડા જે તારીખે સહી કરશે તે તારીખથી થશે.

૬. આ જોડાણ બંનેમાંથી કોઈ એક સંસ્થાને અનુકુળ નહીં લાગે તો તેને બીજી સંસ્થાને ૩૦ દિવસની નોટીસ આપવાની રહેશે ત્યાર પછી જ તે આ જોડાણનો અંત લાવી શકશે.

૭. આ જોડાણ બંને સંસ્થાને સરખું બંધનકર્તા રહેશે. બંને સંસ્થાઓએ એ બાબતનું ધ્યાન રાખવાનું રહેશે કે આ જોડાણ અંતર્ગત થતી પ્રવૃત્તિઓ કોઈ સમુદાય, જ્ઞાતિના ગૌરવને હાનિ ન પહોચાડે કે કોઈપણ પ્રકારના ભેદભાવને ઉત્તેજન ન આપે તેમજ રાષ્ટ્રીય ગૌરવ પણ જાળવે.

૮. આ જોડાણપત્ર ગુજરાતી અને અંગ્રેજી – બે ભાષામાં લખાયો છે. તે બંને ભાષામાં સરખો નિયમાનુસરી અને જવાબદાર ગણાશે.

૯. આ જોડાણના તમામ નિયમોની જાળવણી થાય તે જોવાની જવાબદારી સમર્પણ કોલેજ વતી આચાર્યશ્રીની અને શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજના વડાની રહેશે.

આચાર્યશ્રી
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
ગાંધીનગર
તા.

પ્રિન્સીપાલ
ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
સેક્ટર-૨૮, ગાંધીનગર

આચાર્યશ્રી
શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ
ગાંધીનગર
તા. ૧૭-૦૫-૧૮